# સુપ્રીમે નિમેલી અરવલ્લી સમિતિ સામે સવાલો

**દેશના** ટોચના વિજ્ઞાનીઓ અને નિષ્ણાતોએ CJIને પત્ર લખ્યો

**સરકારી** સભ્યોની વધુ પડતી હાજરી સામે વાંધો; સમિતિની સ્વાયત્તતા અને સ્વતંત્રતા અંગે ચિંતા

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): ભારતના જાણીતા વિજ્ઞાનીઓ, પર્યાવરણવિદો અને નીતિ વિષયક નિષ્ણાતોએ ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)ને પત્ર લખીને અરવલ્લી પર્વતમાળાના સીમાંકન અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત કરાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિની રચના સામે સવાલો ઉઠાવ્યા છે. આ નિષ્ણાતોએ સમિતિની સ્વાયત્તતા અને સ્વતંત્રતા અંગે ચિંતા વ્યક્ત કરતા તેની રચનામાં ફેરફાર કરવાની માગ કરી છે.

સુપ્રીમ કોર્ટના 25 મેના આદેશ હેઠળ બનેલી આ સમિતિનાં અધ્યક્ષ કંચન દેવી છે અને તેને 31 ઓગસ્ટ સુધીમાં રિપોર્ટ સોંપવા જણાવાયું છે.

પર્યાવરણવિદ ડૉ. રવિ ચોપરાએ પત્રમાં આશંકા વ્યક્ત કરી છે કે આ સમિતિમાં લગભગ તમામ સભ્યો સરકારી અથવા નિવૃત્ત સરકારી અધિકારીઓ હોવાથી તે વિવાદિત મુદ્દાઓ પર સ્વતંત્ર અભિપ્રાય આપી શકશે નહીં. તેમણે પોતાના ભૂતકાળના અનુભવોના આધારે કહ્યું કે સરકારી અધિકારીઓ ચર્ચા દરમિયાન વિરોધ કરતા હોવા છતાં ક્યારેય સત્તાધારી સરકારની વિરુદ્ધમાં મતદાન કરતા નથી.

અન્ય એક નિષ્ણાત સાગર ધારાએ 1997ના પ્રોફેસર એમ જી કે મેનન સમિતિનું ઉદાહરણ આપીને જણાવ્યું કે, અરવલ્લીના સંરક્ષણ જેવા સંવેદનશીલ મુદ્દાઓ માટે પણ સરકારી અધિકારીઓ સિવાયના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને સ્વતંત્ર નિષ્ણાતોને સામેલ કરવા જોઈએ. આ ઉપરાંત, પંજાબના પર્યાવરણવિદ સમિતા કૌરે સમિતિમાં પર્યાવરણ, વન્યજીવન, જળવિજ્ઞાન અને સ્થાનિક આજીવિકાના નિષ્ણાતોને પણ સ્થાન આપવાની માગ કરી છે.



ચીનની રાજધાની બીજિંગના પિંગગુ ડિસ્ટ્રિક્ટમાં 19 જૂન, 2026ના રોજ 'બીજિંગ વર્લ્ડ રેપ્ટાઈલ્સ એક્સ્પો 2026'નો ભવ્ય પ્રારંભ થયો છે. આ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં લોકો મુલાકાત લઈ રહ્યા છે, જેમાં એક બાળક પણ સરીસૃપોને જોવા પહોંચ્યું હતું. આ ઈવેન્ટ દરમિયાન એક પ્રદર્શનકર્તાએ મુલાકાતીઓ માટે ખાસ 'બિયર્ડેડ ડ્રેગન' નામની ગરોળી પ્રદર્શિત કરી હતી. એક્સ્પોમાં આવેલા લોકો આ અદભુત અને દુર્લભ જીવોને જોઈને રોમાંચિત થઈ રહ્યા છે અને એક મહિલા આ સરીસૃપોના ખાસ ફોટા પોતાના કેમેરામાં કેદ કરતી જોવા મળી હતી.

## પેજ 3

## આમિર ખાનનું પ્રોડક્શન હાઉસ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પર બનાવશે ડોક્યુમેન્ટ્રી



મુંબઈ, તા. 19: આમિર ખાન પ્રોડક્શન હાઉસે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના જીવન અને તેમની સફર પર આધારિત એક ખાસ નવી ડોક્યુમેન્ટ્રીની જાહેરાત કરી છે. અહેવાલો અનુસાર, ફિલ્મમેકર અને રાઇટર સ્વાતિ ચક્રવર્તી આ પ્રોજેક્ટને ડાયરેક્ટ કરશે, જેમણે અગાઉ 2019માં આમિર ખાન અને કિરણ રાવ દ્વારા પ્રોડ્યુસ કરાયેલી ડોક્યુમેન્ટ્રી 'રૂબરૂ રોશની' નું નિર્દેશન પણ કર્યું હતું. આ ડોક્યુમેન્ટ્રીમાં દર્શાવવામાં આવશે કે કેવી રીતે ઓડિશાના એક નાનકડા ગામમાંથી આવીને તેઓ ભારતના પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ બન્યા. તેમાં તેમના અંગત કિસ્સાઓ, જીવનના પડકારો, જાહેર સેવા અને રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાવાના ખાસ પળોને નજીકથી બતાવવામાં આવશે. આ ફિલ્મ માટે મુર્મૂના ગામમાં શૂટિંગ શરૂ થઈ ગયું છે અને સ્થાનિક કલાકારોને પણ કાસ્ટ કરવામાં આવ્યા છે.

## પુષ્પા-2 નાસભાગ કેસ: અલ્લુ અર્જુનને કોર્ટમાં હાજર થવા સમન



હૈદરાબાદ, તા. 19: હૈદરાબાદની નમપલ્લી કોર્ટે તેલુગુ ફિલ્મ સ્ટાર અલ્લુ અર્જુનને અદાલતમાં વ્યક્તિગત રીતે હાજર થવા માટે સમન જાહેર કર્યું છે. આ કાનૂની કાર્યવાહી ડિસેમ્બર 2024માં તેની ફિલ્મ 'પુષ્પા 2: ધ રૂલ'ના સ્પેશિયલ શો દરમિયાન થયેલી નાસભાગ સાથે જોડાયેલી છે, જેમાં રેવતી નામનાં એક મહિલાનું મોત થયું હતું અને તેમનો પુત્ર ગંભીર રીતે ઘાયલ થયો હતો.\ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં કુલ 23 લોકોને નામજદ કરવામાં આવ્યા છે, જેમાં સંધ્યા થિયેટરના મેનેજમેન્ટને આરોપી નંબર 1થી 10 બનાવવામાં આવ્યા છે, જ્યારે અલ્લુ અર્જુનને આરોપી નંબર 11 તરીકે લિસ્ટ કરાયો છે. કોર્ટે ભીડ વ્યવસ્થાપનમાં બેદરકારીના આ કેસની સુનાવણી માટે અભિનેતા સહિત 19 આરોપીઓને 22 જૂનના રોજ રૂબરૂ હાજર થવાનો આદેશ આપ્યો છે.

## ઇંગ્લેન્ડમાં ભેગા થયા સારા અલી અને સુપરમેન



લંડન, તા. 19: બોલિવૂડની બબલી ગર્લ સારા અલી ખાન અને હોલિવૂડના હેન્ડસમ હંક હેનરી કેવીલે ઇંગ્લેન્ડના રોયલ અસ્કોટ હોર્સ રેસિંગ ફેસ્ટિવલમાં સાથે એન્ટ્રી કરીને ફેન્સને મોટો સરપ્રાઈઝ આપ્યો છે. લક્ઝરી વોચ બ્રાન્ડ 'લોન્જીન્સ' ના ગ્લોબલ એમ્બેસેડર તરીકે પહોંચેલા આ બંને સ્ટાર્સે સાથે પોઝ આપ્યા હતા, જે ફોટા ઇન્ટરનેટ પર જોરદાર વાયરલ થઈ રહ્યા છે. સારાએ ઇન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરતા લખ્યું, "અ રોયલ અફેર". આ રોયલ લુક માટે સારાએ આઇવરી કલરનો ક્લાસિક બ્રિટિશ આઉટફિટ અને માથા પર નેટ વાળી આકર્ષક વ્હાઇટ હેટ પહેરી હતી, જ્યારે હેનરી બ્લેક ટેલકોટ અને ટોપ હેટ સાથે પ્રોપર જેન્ટલમેન લુકમાં સજ્જ હતો. આ અણધારી ક્રોસઓવર જોડીને જોઈને કમેન્ટ સેક્શનમાં ફેન્સ ક્રેઝી થઈ ગયા છે અને હાર્ટ ઇમોજીનો વરસાદ કરતા આ જોડીને "પટૌડી પ્રિન્સેસ x સુપરમેન" નું ટેગ આપી રહ્યા છે!

# કોકટેલ 2: શાહિદ-કૃતિનો શાનદાર અભિનય અને અણધારી વાર્તા



**મૂવી રિવ્યુ**

**અમર સોલંકી દ્વારા**

**ફિલ્મ**

**કોકટેલ-2**

**રેટીંગ**

★★☆☆☆

**એક લાઈનનો પ્રતિભાવ**

**લવ ટ્રાયન્ગલ અને લાઈટ રોમાન્ટીક ફિલ્મો ગમતી હોય તો આ ફિલ્મ અપેક્ષાઓ કરતાં વધુ સારી સાબિત થાય છે**

**અભિનેતાઃ** શાહિદ કપૂર, કૃતિ સેનન, રશ્મિકા મંધાના, ટીકુ તલસાનિયા **નિર્માતાઃ** દિનેશ વિજન, લવ રંજન **નિર્દેશકઃ** હોમી અડજાનિયા

જો તમે અદભુત અભિનય, શાનદાર સંગીત, આકર્ષક વિઝ્યુઅલ્સ અને દમદાર લેખન જોવા માગો છો, તો 'કોકટેલ 2' તમામ મોરચે અપેક્ષાઓ કરતાં વધુ સારી સાબિત થાય છે. આ એક લવ ટ્રાયન્ગલ (ત્રિકોણીયો પ્રેમ) હોવા છતાં, તે પરંપરાગત ઢાંચાને અનુસરતી નથી કે કોઈ જૂનો-જાણીતો રસ્તો અપનાવતી નથી. તેની અણધારી વાર્તા (અનપ્રેડિક્ટેબિલિટી) જ આ ફિલ્મની સૌથી મોટી તાકાત છે. ડાયરેક્ટર હોમી અડજાનિયા, જેમણે 2012ની મૂળ 'કોકટેલ' નું નિર્દેશન પણ કર્યું હતું, તેમણે એ સુનિશ્ચિત કર્યું છે કે આ સિક્વલ અગાઉની ફિલ્મ કે અન્ય કોઈ લવ સ્ટોરી જેવી ન લાગે. આ ફિલ્મ ભાવનાત્મક મુખ્ય તત્વને જાળવી રાખીને આધુનિક રોમાન્સની ભાવનાને સુંદર રીતે રજૂ કરે છે. લવ રંજન અને તરુણ જૈનનું લેખન ફિલ્મનું એક મજબૂત પાસું છે.

ઈટાલીના સિસિલીમાં શૂટ થયેલો ફિલ્મનો પ્રથમ હાફ જોરદાર વિઝ્યુઅલ અપીલ આપે છે, જેમાં રંગો, ગીતો, કલાકારોની કેમિસ્ટ્રી અને અણધાર્યા વળાંકો તેને ટેકનિકલ અને ભાવનાત્મક રીતે સમૃદ્ધ બનાવે છે. બીજા હાફમાં ડ્રામા વધુ તીવ્ર બને છે અને પ્રી-ક્લાઈમેક્સના થોડા નબળા ભાગને બાદ કરતાં, ફિલ્મ એક સંતોષકારક અંત તરફ દોરી જાય છે. પ્રિતમનું મ્યુઝિક ફિલ્મનો મુખ્ય સ્તંભ છે, જેમાં 'માશૂકા' સહિત 3 સુપરહિટ ગીતો છે. અભિનયની વાત કરીએ તો, શાહિદ કપૂર ટોપ ફોર્મમાં છે, જે ગંભીર અને હળવી બંને ક્ષણોમાં પ્રભાવશાળી રહ્યો છે. કૃતિ સેનને તેના કરિયરનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપ્યું છે અને તે ફિલ્મની સ્ટાર પરફોર્મર તરીકે ઉભરી આવી છે. રશ્મિકા મંધાનાએ પણ પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે, પરંતુ તેના પાત્રને વધુ સ્કોપ મળ્યો નથી અને તેણે તેના હિન્દી ઉચ્ચાર પર હજી થોડું કામ કરવાની જરૂર છે. ટૂંકમાં, આ મૂવી સિનેમા હોલમાં જોવા જેવી મનોરંજક ફિલ્મ છે.

# 'મેલોનીએ ફોટો માટે આજીજી કરી': ટ્રમ્પના દાવા પર ઈટાલી સરકાર લાલચોળ

**ટ્રમ્પે** એક અખબારી મુલાકાતમાં દાવો કર્યો કે જ્યોર્જિયા મેલોનીએ જી-૭માં તેમની સાથે ફોટો પડાવવા કાલાવાલા કર્યા હતા

**ઇટાલીયન** સરકારે આ દાવાને ફગાવીને ટ્રમ્પની ટીકા કરી, ખુદ મેલોનીએ ટ્રમ્પનો દાવો ફગાવીને કડક શબ્દોમાં તેમના પર પ્રહારો કર્યા

**ઇટાલીના** વિદેશ મંત્રીએ પોતાની અમેરિકાની આયોજીત મુલાકાત રદ કરી નાખી



રોમ, તા. ૧૯: તાજેતરની G7 સમિટ દરમિયાન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ તેમની સાથે ફોટો પડાવવા માટે આજીજી કરી હતી તેવા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવા પછી ભારે વિવાદ ઉભો થઈ ગયો હતો. આ દાવા પર શુક્રવારે ઈટાલિયન સરકારે આકરા પ્રહારો કર્યા હતા અને ખુદ મેલોનીએ આ ટ્રમ્પના આ દાવાને ફગાવીને તેમના પર આકરા પ્રહારો કર્યા હતા જ્યારે ઈટાલીના વિદેશ મંત્રીએ તેમની અમેરિકાની મુલાકાત રદ કરી દીધી હતી.

ઈટાલીના વિદેશ પ્રધાન એન્ટોનિયો તાજાનીએ આ સપ્તાહના અંતમાં અમેરિકાની તેમની અગાઉથી નક્કી થયેલી મુલાકાત અચાનક રદ કરી દીધી હતી, અને ટ્રમ્પના દાવાઓને મેલોની અને સમગ્ર ઈટાલી પ્રત્યે ગંભીર અને અપમાનજનક ગણાવ્યા હતા. બીજી તરફ, મેલોનીએ એક વીડિયો પોસ્ટ કરીને ટ્રમ્પના દાવાઓને સંપૂર્ણપણે ઉપજાવી કાઢેલા ગણાવ્યા હતા, જેનો તેમણે આ શબ્દો સાથે અંત કર્યો હતોઃ ઈટાલી અને હું ક્યારેય કરગરતા નથી.

ટ્રમ્પે આ ટિપ્પણીઓ શુક્રવારે સવારે લા7 (La7) નેટવર્ક પર પ્રસારિત એક ઈન્ટરવ્યુમાં કરી હતી. લા7 ના સંવાદદાતાએ ટ્રમ્પને યુક્રેન વિશે પૂછ્યું હતું, પરંતુ ટ્રમ્પે મેલોનીનો મુદ્દો ઉઠાવ્યો અને વાતચીત ફ્રાન્સના એવિયન-લેસ-બેન્સમાં હમણાં જ પૂરી થયેલી G7 બેઠક દરમિયાન તેમની મુલાકાત તરફ વળી ગઈ, જે વીડિયોમાં કેદ થઈ હતી. મેલોની અને ટ્રમ્પને કેટલાક તબક્કે વાત કરતા ફિલ્માવવામાં આવ્યા હતા, જેમાં એક નાના સોફા પર એકલા બેસીને વાત કરવાનો પણ સમાવેશ થાય છે. લા7ના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે કહ્યું હતું કે મેલોનીએ તેમની પાસે ફોટો પડાવવા માટે આજીજી કરી હતી. લા7 એ જણાવ્યું કે, ટ્રમ્પે કહ્યું કે તેઓ આવું કરવા માટે બંધાયેલા નહોતા પરંતુ તેમને તેના પર દયા આવી અને તેઓ સંમત થયા. બ્રોડકાસ્ટરે આ વાતચીતનું ડબ કરેલું સંસ્કરણ ઓનલાઈન મૂક્યું છે, અસલી અંગ્રેજી ઓડિયો નહીં. પોતાના વીડિયોમાં મેલોનીએ કહ્યું કે તેઓ ટ્રમ્પના દાવાઓનો જવાબ આપી રહ્યા છે કારણ કે કેટલીક બાબતો તાત્કાલિક જવાબ આપવાને પાત્ર હોય છે. તેમણે કહ્યું, ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનો સંપૂર્ણપણે ઉપજાવી કાઢેલા છે. હું ખરેખર સ્તબ્ધ છું. મને સમજાતું નથી કે અમેરિકાના પ્રમુખ તેમના પોતાના સાથી દેશો સાથે આવું વર્તન કેમ કરે છે. જો કે, આવું પહેલીવાર નથી બન્યું.

# ચીનની જે લેબમાંથી કોરોના ફેલાયો તેને અમેરિકાના ટોપ સાયન્ટિસ્ટે આપ્યું હતું ભંડોળ

**તુલસી** ગબાર્ડનો ઘટસ્ફોટ: 'વુહાન ઇન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી'ને ચામાચીડિયા કોરોના વાયરસ પર ખતરનાક રિસર્ચ માટે લાખો ડોલર અપાયા હતા

**જો** બાઈડનના પૂર્વ ચીફ મેડકિલ એડવાઈઝરે વિશ્વ સમક્ષ વાયરસની કુદરતી ઉત્પત્તિનું નકલી નેરેટિવ રજૂ કર્યું



વોશિંગ્ટન, તા. 19: અમેરિકાના નેશનલ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડે પોતાના કાર્યકાળના અંતિમ દિવસે ગુરુવારે (18 જૂન) એક મોટો ખુલાસો કરીને સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો છે. ગબાર્ડે જણાવ્યું કે, જો બાઇડનના પૂર્વ ચીફ મેડિકલ એડવાઇઝર ડૉ. એન્થની ફાઉચીએ ચીનના વુહાનની એ રિસર્ચ લેબને ફંડ આપ્યું હતું, જ્યાંથી કોરોના વાયરસ ફેલાયો હોવાનું માનવામાં આવે છે.

તુલસી ગબાર્ડે એવા ગુપ્ત દસ્તાવેજો જાહેર કર્યા છે જે ડૉ. ફાઉચીને સીધા કટઘેરામાં ઊભા કરે છે. આ દસ્તાવેજો દર્શાવે છે કે, ફાઉચીએ અમેરિકી કરદાતાઓના લાખો ડોલર 'વુહાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી' (WIV)ને ચામાચીડિયા કોરોના વાયરસ પર ખતરનાક 'ગેન-ઓફ-ફંક્શન' રિસર્ચ માટે આપ્યા હતા.

તુલસી ગબાર્ડે ડૉ. ફાઉચી પર સીધો પ્રહાર કરતા આક્ષેપ કર્યો કે, તેમણે 2024માં અમેરિકી કોંગ્રેસ (સંસદ) સામે સોગંદનામું લઈને જૂઠું બોલ્યું હતું અને ઈન્ટેલિજન્સ કમ્યુનિટી સાથે મળીને કોરોના વાયરસ લેબથી લીક થયો હતો તેના પુરાવાઓ દબાવ્યા હતા. તેમણે વિશ્વ સમક્ષ વાયરસની કુદરતી ઉત્પત્તિનું નકલી નેરેટિવ રજૂ કર્યું જેથી તેમનું આ લેબને કરાયેલું ફંડિંગ છુપાયેલું રહે. ગબાર્ડના ઓફિસે જણાવ્યું કે આ દસ્તાવેજો કોવિડ-19 પર ઈન્ટેલિજન્સના આકલન સાથે થયેલી હેરાફેરીમાં ફાઉચીની સીધી ભૂમિકા સાબિત કરે છે. આ સિવાય, જે વ્હિસલબ્લોઅર્સ કે નિષ્ણાતોએ ફાઉચીના જૂઠને પડકારવાનો પ્રયાસ કર્યો, તેમને ડરાવી-ધમકાવીને તેમના કરિયર બરબાદ કરી દેવાયા હતા. આ 'ડીપ સ્ટેટ પ્લેબુક' નો હિસ્સો હતો, જેમાં પોતાની ભૂલો છુપાવવા માટે જનતાને ગુમરાહ કરવામાં આવી અને ચૂંટાયેલા રાષ્ટ્રપતિ સુધી મહત્વના તથ્યો પહોંચવા ન દીધા. લગભગ 38 વર્ષો સુધી અમેરિકી સ્વાસ્થ્ય એજન્સી (NIAID) પર રાજ કરનારા 85 વર્ષીય ફાઉચી હવે આ ગંભીર આરોપોના ઘેરામાં છે.

# ટ્રમ્પે કરી એરફોર્સ વન વિમાનની છેલ્લી સફર

**એરફોર્સ** વન છેલ્લા 35 વર્ષથી અમેરિકી રાષ્ટ્રપતિઓને સેવા આપી રહ્યું હતું કતાર દ્વારા ભેટમાં મળેલું નવું જેટ અમેરિકી કાફલામાં જોડાશે



વોશિંગ્ટન, તા. 19 (પીટીઆઈ): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ફ્રાન્સ મુલાકાતથી પરત ફરવાની સફર બોઈંગ 747-200B વિમાનની છેલ્લી યાત્રા બની રહી છે, જે છેલ્લા 35 વર્ષથી અમેરિકી રાષ્ટ્રપતિઓને સેવા આપી રહ્યું હતું.

વ્હાઇટ હાઉસના વરિષ્ઠ અધિકારીઓએ જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ પર ઊભેલા આ અત્યંત સુરક્ષિત વિમાનની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરીને આ એરફોર્સ વનની 'લાસ્ટ રાઈડ' (છેલ્લી સફર)ની જાહેરાત કરી હતી. જ્યોર્જ એચડબલ્યુ બુશના સમયથી આ વિમાન અમેરિકી રાષ્ટ્રપતિઓને સેવા આપી રહ્યું હતું.

અમેરિકાના ચીફ ઓફ પ્રોટોકોલ મોનિકા ક્રોલીએ ગુરૂવારે જણાવ્યું કે, આ વિમાન બહુ આધુનિક ન હતું પરંતુ આરામદાયક હતું અને ટ્રમ્પ સાથેની દરેક સફર ખાસ રહી છે. એરફોર્સ વનની છેલ્લી સફરમાં હું તેમાં સવારી કરવા બદલ ગર્વનો અનુભવ કરું છું, એમ તેમણે ઉમેર્યું હતું,

ટ્રમ્પના કોમ્યુનિકેશન ડિરેક્ટર સ્ટીવન ચેંગે પણ આ પ્રતિષ્ઠિત સફેદ અને વાદળી રંગના જેટની તસવીર પોસ્ટ કરીને તેને વિદાય આપી હતી.

વ્હાઇટ હાઉસે આ બદલાવ અંગે સત્તાવાર ટિપ્પણી કરી નથી, પરંતુ અમેરિકી એરફોર્સે ગયા મહિને જાહેરાત કરી હતી કે કતાર દ્વારા ટ્રમ્પને ભેટમાં આપવામાં આવેલા બોઈંગ 747 વિમાનમાં જરૂરી ફેરફારો અને ફ્લાઇટ ટેસ્ટિંગ પૂર્ણ થઈ ગયું છે. અહેવાલો અનુસાર, ટ્રમ્પ આવતા મહિને અમેરિકાની 250મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે સાઉથ ડાકોટાના માઉન્ટ રશમોરની મુલાકાત વખતે આ કતારી જેટની પ્રથમ સફર કરવાનું વિચારી રહ્યા છે.

આ વિમાનને વર્તમાન ડિઝાઇનના બદલે લાલ, સફેદ અને વાદળી રંગના નવા કલર સ્કીમથી રંગવામાં આવ્યું છે. પેન્ટાગોનના અધિકારીઓ અનુસાર, આ કતારી વિમાનમાં જરૂરી સુધારાઓનો કુલ ખર્ચ 400 મિલિયન ડોલરથી વધુ થયો નથી. આ જેટ ત્યાં સુધી સેવા આપશે જ્યાં સુધી એરફોર્સ દ્વારા 5.6 બિલિયન ડોલરના ખર્ચે ઓર્ડર કરાયેલા અન્ય બે વિમાનો કાફલામાં સામેલ ન થઈ જાય. એરફોર્સ આ કતારી વિમાનને VC-25B તરીકે ઓળખશે.

# મોદીની ગ્લોબલ ગિફ્ટ: કાશ્મીરી સિલ્કથી લઈ ચરક સંહિતા સુધી

**મોદીએ** મેક્રોન, સ્લોવાક નેતાઓને આપેલી ભેટોમાં કલમકારી ચિત્ર, કાશ્મીરી ગાલીચા, થેકુઆનો સમાવેશ

નવી દિલ્હી, ૧૯ જૂન (પીટીઆઈ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સ અને સ્લોવાકિયાની તેમની હમણાં જ સંપન્ન થયેલી મુલાકાત દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને કલમકારી મહાભારત પેઈન્ટિંગ, સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકોને કાશ્મીરી સિલ્ક કાર્પેટ અને સ્લોવાકિયાની સંસદના સ્પીકર રિચાર્ડ રાસીને બિહારની સ્વાદિષ્ટ વાનગી 'થેકુઆ' ભેટમાં આપી હતી.

મોદી એક સપ્તાહ લાંબી મુલાકાત બાદ શુક્રવારે નવી દિલ્હી પરત ફર્યા હતા, જે દરમિયાન તેમણે જી-૭ (G7) સમિટમાં ભાગ લીધો હતો અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિતના વિશ્વના નેતાઓ સાથે દ્વિપક્ષીય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને કલમકારી મહાભારત પેઈન્ટિંગ ભેટમાં આપ્યું હતું. આંધ્રપ્રદેશની આ હસ્તકલા ભારતની સમૃદ્ધ કલાત્મક વિરાસતને દર્શાવે છે અને તેને પૂર્ણ કરવામાં લગભગ છ મહિનાનો સમય લાગ્યો હતો. અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે, પરંપરાગત પેન-ડ્રોઈંગ (કલમ-ચિત્રકામ) પદ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ આ પેઈન્ટિંગ મહાભારતના દ્રશ્યો દર્શાવે છે. મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિના પત્ની બ્રિજિટ મેક્રોનને પોચમપલ્લી સિલ્ક ખેસ ભેટમાં આપ્યો હતો. આ સ્ટોલ તેલંગાણાનું હાથવણાટનું કાપડ છે જે પરંપરાગત ઈકત રેઝિસ્ટ-ડાઈંગ પદ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.

સ્લોવાકિયાની મુલાકાત દરમિયાન, વડાપ્રધાને તેમના સમકક્ષ રોબર્ટ ફિકોને કાશ્મીરી સિલ્ક કાર્પેટ ભેટમાં આપ્યું હતું, જે કાશ્મીર ખીણ, ખાસ કરીને શ્રીનગર પ્રદેશની એક પ્રતિષ્ઠિત હાથથી ગાંઠ મારીને બનાવવામાં આવતી કળા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઉચ્ચ ગુણવત્તાવાળા કુદરતી રેશમમાંથી બનાવેલ આ કાર્પેટ તેની જટિલ ફૂલ-છોડ, વેલો અને મેડલિયન ડિઝાઈન માટે જાણીતું છે, જે સ્થાનિક કલાત્મક પરંપરાઓ અને કુદરતી સૌંદર્યથી પ્રેરિત છે. મોદીએ સ્લોવાકિયાના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રીનીને પિત્તળનો 'ડોકરા એન્ટિલોપ' સેટ ભેટમાં આપ્યો હતો. આ હસ્તકલા ભારતની પ્રાચીન ડોકરા મેટલ-કાસ્ટિંગ પરંપરાને દર્શાવે છે, જે છત્તીસગઢ, ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના આદિવાસી કારીગરો દ્વારા સદીઓથી પ્રચલિત છે. સ્લોવાક સંસદના સ્પીકર રિચાર્ડ રાસીને 'ચરક સંહિતા'ની નકલ ભેટમાં આપવામાં આવી હતી, જે એક પાયાનો પ્રાચીન ભારતીય તબીબી ગ્રંથ છે અને આચાર્ય ચરક દ્વારા રચિત આયુર્વેદનું મુખ્ય કાર્ય છે. આ ગ્રંથ બે હજાર વર્ષથી વધુ સમય પહેલા વિકસિત થયેલા અવલોકન અને તર્ક પર આધારિત સ્વાસ્થ્ય, રોગ, માનવ શરીરવિજ્ઞાન અને સુખાકારીની વ્યવસ્થિત અને વિદ્વતાપૂર્ણ સમજ રજૂ કરે છે. વડાપ્રધાને રાસીને બિહાર અને ઝારખંડની પરંપરાગત મીઠી વાનગી 'થેકુઆ' પણ ભેટમાં આપી હતી.

# ટેલિગ્રામ એપ પર હંગામી પ્રતિબંધનું સરકારનું પગલું હાઈકોર્ટે માન્ય રાખ્યું

**આ** મેસેજીંગ એપ કોઇ પણ સામગ્રીના સ્વચાલિત પ્રસારણને સરળ બનાવી શકે છે તેથી સરકારનું પગલું વધારે પડતું નથી

**આ** એપનો ઉપયોગ કરીને પરીક્ષા સંબંધિત ખોટી માહિતીઓ ફેલાવી શકાય તેવો ભય હતો

નવી દિલ્હી, તા. ૧૯(પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે ૨૧ જૂનના રોજ યોજાનારી મહત્વની NEET-UG પુનઃપરીક્ષા પહેલાં ટેલિગ્રામ પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂકવાના સરકારના નિર્ણયને માન્ય રાખ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે આ પગલું અપ્રમાણસર (વધારે પડતું) નહોતું કારણ કે આ મેસેજિંગ એપ મોટા પાયે સામગ્રીના સ્વચાલિત પ્રસારણને સરળ બનાવી શકે છે.

હાઈકોર્ટે તેના ૩૯ પાનાના ચુકાદામાં, ૨૧ જૂને નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ (અંડરગ્રેજ્યુએટ) એટલે કે NEET-UG ની નિષ્પક્ષ પુનઃપરીક્ષા સુનિશ્ચિત કરવા માટે માહિતી ટેકનોલોજી એક્ટ (IT Act) ની કલમ ૬૯A હેઠળ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY)ના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. જસ્ટિસ તેજસ કારિયાની વેકેશન બેન્ચે બે પ્રશ્નો પર વિચારણા કરી હતીઃ શું આ વિવાદાસ્પદ આદેશ વિચારશૂન્યતાથી દૂષિત હતો અને શું ટેલિગ્રામ પ્લેટફોર્મને અસ્થાયી રૂપે બ્લોક કરવાનો નિર્ણય પ્રમાણસરતાની જરૂરિયાતને સંતોષે છે કે નહીં. આ પ્રશ્નોના જવાબ આપતાં બેન્ચે જણાવ્યું કે, સામા પક્ષ (કેન્દ્ર સરકાર) દ્વારા આદેશો હેઠળ અપનાવવામાં આવેલા પગલાં નિર્ધારિત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે સૌથી ઓછા પ્રતિબંધિત પગલાં સમાન છે. UAE સ્થિત આ મેસેજિંગ એપની અરજીને ફગાવી દેતાં ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે, એ જ પ્રમાણે, ટેલિગ્રામ પર જનતાના પ્રવેશને અસ્થાયી રૂપે બ્લોક કરવાના કેન્દ્ર સરકારના પગલાને અપ્રમાણસર ગણી શકાય નહીં. બેન્ચે આઈટી એક્ટની કલમ ૬૯Aનો ઉલ્લેખ કર્યો અને જણાવ્યું કે સરકાર કોઈપણ ઓનલાઈન માહિતી સુધી જનતાની પહોંચને રોકવા માટે સત્તા ધરાવે છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાની રજૂઆતોને ધ્યાનમાં લેતા ચુકાદામાં જણાવાયું છે કે ટેલિગ્રામ પર પરીક્ષા સંબંધિત ખોટી માહિતી અને કથિત ટેસ્ટ પેપરોના પ્રસારણથી ઉદ્ભવતા જ્ઞાતવ્ય ગુનાઓને રોકવા અને જાહેર વ્યવસ્થા પર પડનારી સંભવિત ગંભીર અસરોને પહોંચી વળવા માટે આ અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.